# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-09-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે લોકોને આગામી તહેવારોની મોસમ સ્વદેશી ઉત્પાદનો સાથે ઉજવવા અને વોકલ ફોર લોકલને તેમનો મંત્ર બનાવવા વિનંતી કરી. આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમમાં વિચારો રજૂ કરતા , શ્રી મોદીએ લોકોને દેશમાં ઉત્પાદિત ઉત્પાદનો ખરીદવાનો સંકલ્પ કરવા પણ હાકલ કરી. પ્રધાનમંત્રીએ ખુશી વ્યક્ત કરી કે છઠ પૂજા હવે એક વૈશ્વિક ઉત્સવમાં ફેરવાઈ રહી છે. તેમણે માહિતી આપી કે સરકાર છઠ મહાપર્વને યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સામેલ કરવા માટે પ્રયાસ કરી રહી છે.

(બાઇટ : MKB-CHHAT)

શ્રી મોદીએ ગાંધી જયંતિએ લોકોને ખાદી ઉત્પાદન ખરીદવા પણ અનુરોધ કર્યો.

(બાઇટ : MKB-KHADI)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ચાંદખેડા ખાતે 'મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

. . . . . . . . . . . . .

પૂલ–મયૂર સોલંકી -- JAYESH G..

# OPERATION SINDOOR GARBA

સૈન્યના શૌર્ય અને પરાક્રમના સન્માનમાં રાજ્યભરમાં આજે રાત્રે 11 વાગ્યે એક સાથે 'ઓપરેશન સિંદૂર' પર ગરબા ઘૂમીને ગુજરાત ઈતિહાસ સર્જશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે તમામ ખેલૈયાઓ, ગરબા આયોજકો અને સંચાલકોને શક્તિની આરાધનાના પર્વને સેનાને સલામ કરવાનો અવસર બનાવવાની અપીલ કરી છે. આજે સમગ્ર ગુજરાત એક જ તાલે , એક જ સૂરમાં ભારતીય સેનાના સન્માનમાં ઓપરેશન સિંદૂર પર બનેલા ગરબે ઘૂમશે.

. . . . . . . . .

# CM - AHMEDABAD GUNANUVAD SABHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના GMDC ઓડિટોરિયમ ખાતે ગચ્છાધિપતિ આચાર્ય રાજયશસૂરિશ્વરજી મહારાજની ગુણાનુવાદ સભામાં સહભાગી થયા હતા. આ પ્રસંગે તેમણે ભક્તામર દર્શન અને નવકાર મંત્ર સહિત ચાર ગ્રંથોનું વિમોચન કર્યું હતું.

. . . . . . . . . . . . .

# GUJARAT RAIN

હવામાન વિભાગના આગાહીને પગલે આજે દક્ષિણ ગુજરાતમાં સામાન્યથી ભારે વરસાદ વરસ્યો છે. રાજ્યના કુલ 70 તાલુકામાં આજે વરસાદ પડ્યો છે. સુરતના ઉમરપાડા , નર્મદાના ડેડીયાપાડા અને વલસાડના કપરાડામાં ભારે વરસાદ વરસ્યો છે. વરસાદને કારણે નવસારી , ગણદેવી અને ચીખલી તાલુકાના બે-બે, વાંસદા તાલુકાના 8 અને ખેરગામ તાલુકાનો એક રસ્તો વાહનવ્યવહાર માટે બંધ કરાયો છે.

ભરૂચ શહેર તેમજ અંકલેશ્વર હાંસોટ પંથકમાં નવરાત્રીના મધ્યચરણમાં વરસાદ વરસતા ખેલૈયાઓ-ગરબા આયોજકો ચિંતામાં મુકાયા છે.જ્યારે વલસાડના અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાતા ગરબા આયોજકોને નુકસાન થયું,કેટલીક જગ્યાએ ગરબા રદ કરવા પડ્યા હતા.ભારે વરસાદને કારણે ડાંગ જિલ્લાની પૂર્ણા,અંબિકા,ખાપરી અને ગિરા નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે.જિલ્લાના અનેક લો લેવલ કોઝવે પાણીમાં ગરકાવ થયા છે.

. . . . . . . . . .

# MAHESNA – PLASTIC WAST

મહેસાણાના જોતાણા તાલુકામાં સૂરજ ગામ ખાતે ઓએનજીસી મહેસાણા દ્વારા પ્લાસ્ટિકના કચરાના વ્યવવસ્થાપન માટે પ્રોજેક્ટ રોચક કાર્યક્રમ યોજાયો. જેમાં 10 ટન જેટલો પ્લાસ્ટિકનો કચરો એકત્ર કરાયો હતો. મહેસાણા તાલુકાના 20 ગામો માંથી પણ પ્લાસ્ટિક કચરો એકત્ર કરાઇ રહ્યો છે.

. . . . . . . .

# PATAN – HAR GHAR SVADESHI

પાટણમાં સિદ્ધપુર ખાતે 'હર ઘર સ્વદેશી ' અભિયાન અંતર્ગત , સ્થાનિક વેપારીઓને જાગૃત કરવાના હેતુથી કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતની વિશેષ ઉપસ્થિતિમાં જન જાગૃતિ કાર્યક્રમ યોજયો. જે અંતર્ગત દુકાનો અને સ્ટોર ઉપર સ્ટીકર લગાવી લોકોને જાગૃત કરાયા હતા.

આ પ્રસંગે શ્રી રાજપૂતે જણાવ્યુ , જીએસટીમાં કરવામાં આવેલા ઘટાડાનો સીધો લાભ દેશના સામાન્ય નાગરિકો અને વેપારીઓને મળી રહ્યો છે.

. . . . .

# PANCHMHAL BHARATI MELO

પંચમહાલના મોરવા હડફમાં સરકારી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે યોજાયેલા ભરતી મેળામાં ૨૬૪ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરાઈ. આ ભરતી મેળામાં ૬૦૦થી વધુ ઉમેદવારોએ ભાગ લીધો હતો. પંચમહાલ , વડોદરા અને અમદાવાદ જિલ્લાની ૩૦થી વધુ કંપનીઓએ ઉમેદવારોની પસંદગી કરી હતી. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ ડૉ.જસવંતસિંહ પરમાર અને ધારાસભ્ય નીમીશા સુથાર ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . .